કેદી સહાય યોજનામાં સહાયની રકમ
રૂ. ૧૦,૦૦૦ થી વધારી રૂ. ૨૫,૦૦૦ કરવાની
નવી બાબતની વહીવટી મંજૂરી આપવા
બાબત.

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
ઠરાવ ક્રમાંકઃ- વનપ/૧૦૨૦૧૮/૧૧૯૩૫/ન.બા./છ
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ- ૬/૦૪/૨૦૧૮

વંચાણે લીધાઃ-

(૧) નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતુ, ગાંધીનગરના તા.૦૧/૦૧/૨૦૧૮ના પત્ર ક્રમાંકઃ- યજન/નવીબાબત/૧૭-૧૮/૧૯૭

(૨) નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતુ, ગાંધીનગરનો તા.૦૮/૦૩/૨૦૧૮નો પત્ર ક્રમાંકઃ- સસુખા/યજન/નવીબાબત/૧૭-૧૮/૨૭૯

પ્રસ્તાવનાઃ-

નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતા હેઠળ ગુનેગાર વ્યકિતઓ જે કોઈ પરિસ્થિતિને કારણે ગુનો કર્યો હોય અને તેના પરિણામે અદાલતના આદેશથી તેઓ જેલમાં સજા ભોગવી રહ્યા હોય પરંતુ કુટુંબમાં તેઓ જ એકમાત્ર કે મુખ્ય કમાતી વ્યકિત હોય અને તેમના જેલમાં જવાથી તેમના કુટુંબ પર આર્થિક મુશ્કેલી આવી પડી હોય અને કુટુંબ નિભાવ માટે બીજો કોઈ સહારો ન હોય તેવા કિસ્સામાં તેમનું કુટુંબ છિન્ન ભિન્ન ના થાય તે માટે તેમના કુટુંબને આર્થિક સહાય આપવાની યોજના સમગ્ર રાજ્યમાં લાગુ કરવા માટે મજૂર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના તા.૦૫.૦૨.૧૯૭૯ના ઠરાવ ક્રમાંક નં.F.Y.P.૧૦૭૭/૭૪૯૯૬/૭૮/છ તથા વિભાગના તા.૨૦.૧૧.૨૦૦૧ના ઠરાવ ક્રમાંક. કશપ/૧૦૯૮/૨૦૩૦(૨૦૦૦)/છ તથા વિભાગના તા.૨૮.૦૭.૨૦૧૪ના ઠરાવ ક્રમાંકઃવનપ/૧૦૨૦૧૩-૮૦૪૮૦૪.ન.બા.૫/છ થી સુધારો કરી આ યોજનામાં રૂ.૧૦,૦૦૦/- ની સહાય આપવામાં આવે છે.

આ સહાયની યોજનાની જોગવાઇ મુજબ આવક મર્યાદા શહેરી વિસ્તારમાં રૂ.૧,૫૦,૦૦૦/- અને ગ્રામ્ય વિસ્તારમાં રૂ.૧,૨૦,૦૦૦/-રાખવામાં આવેલ છે.

પ્રવર્તમાન ભાવોને ધ્યાનમાં લેતા રૂ.૧૦,૦૦૦/- આર્થિક સહાય ખુબ જ ઓછી હોવાથી સહાયની રકમ રૂ.૧૦,૦૦૦/- થી વધારી રૂ.૨૫,૦૦૦/- કરવા અંગેની વર્ષ ૨૦૧૮-૧૯ના અંદાજપત્રમાં રૂ. ૩૦,૦૦,૦૦૦/-(ત્રીસ લાખ પુરા)ની નવી બાબત રજુ કરવામાં આવેલ જે સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠરાવ:-

પુખ્ત વિચારણાને અંતે નિયામકશ્રી, સમાજ સુરક્ષા ના વંચાણે લીધેલ ક્ર:(૨) પરના પત્રથી કરવામાં આવેલ દરખાસ્ત અન્વયે સમાજ સુરક્ષા ખાતા હેઠળની કેદી સહાય યોજનાની રકમ રૂ.૧૦,૦૦૦/-(દશ હજાર) થી વધારી રૂ.૨૫.૦૦૦/- (પચીસ હજારપૂરા)ની કરવા માટે કુલ રૂ. ૩૦,૦૦,૦૦૦/-(ત્રીસ લાખ પુરા)ની પ્રસ્તુત નવી બાબતને નીચે મુજબની શરતોને અધીન આથી વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

શરતો :-

(૧) આ અંગેનો ખર્ચ જે તે વર્ષની બજેટ જોગવાઇ અને નાણા વિભાગ દ્વારા વખતો-વખત ફાળવવામાં આવતી ગ્રાંટની મર્યાદામાં કરવાનો રહેશે.
(૨) પ્રસ્તુત દરખાસ્ત સદર્ભે પ્રવર્તમાન નિયમોને અધીન ચાલુ તથા જરૂરીયાત પ્રમાણે આગામી નાણાકીય વર્ષમાં પ્રર્યાત બજેટ જોગવાઇ કરાવી લેવાની રહેશે.
(૩) આ અંગેનો ખર્ચ રાજય સરકારના સ્થાયી તેમજ વખતો-વખતના લાગુ પડતા ઠરાવો-પરિપત્રો અને જોગવાઇઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનો રહેશે.
(૪) આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતોનું પાલન કરવાનું રહેશે.
(૫) આ મંજૂરી અંગે ફાળવેલ ગ્રાંટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહી. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.
(૬) યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

આ અંગેનો ખર્ચ માંગણી નંબર-૯૨ (પ્લાન), ૨૨૩૫- સામાજિક સુરક્ષા અને કલ્યાણ, ૦૨- સમાજ કલ્યાણ, ૧૦૨- બાળ કલ્યાણ, ૦૧- એસ.સી.ડબલ્યુ -૦૨ (પાલક માતા-પિતા યોજના સુધારણાલક્ષી અને બિન સુધારણા લક્ષી કાર્યક્રમો બાળ લગ્ન અટકાયત,) સદરે કરાયેલ જોગવાઇમાંથી મેળવવાનો રહેશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણા વિભાગની તા.૨૧/૦૩/૨૦૧૮ ની નોંધથી મળેલ સંમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

**ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,**

( જી.બી. વણઝારા )
સેકશન અધિકારી,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

- માન.મંત્રીશ્રી (સા.ન્યા) ના અંગત સચિવશ્રી, સચિવલય, ગાંધીનગર.
- અગ્રસચિવશ્રી (સા.ન્યા) ના અંગત સચિવશ્રી, સચિવલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતુ, ૧૬, ડો.જીવરાજ મહેતા ભવન, જુના સચિવાલય,ગાંધીનગર.(તાબા હેઠળની તમામ કચેરીઓને પરિપત્રિત કરવાની વિનંતી સહ.)
- નાયબ સચિવશ્રી, ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાણાકીય સલાહકારશ્રી (સા.ન્યા) નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત, અમદાવાદ/રાજકોટ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ ગાંધીનગર.
- જેલોના ઇન્સ્પેકટર જનરલશ્રી, ગુજરાત રાજ્ય, અમદાવાદ
- સર્વે જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીઓ (મારફતે:- નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતુ, ૧૬, ડો.જીવરાજ મહેતા ભવન, જુના સચિવાલય. ગાંધીનગર)
- બજેટ શાખા, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય. ગાંધીનગર
- સેક્શન અધિકારીશ્રી, કોમ્પ્યુટર સેલ, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ - વિભાગની વેબસાઇટ પર મુકવાની વિનંતી સહ.
- સિલેકટ ફાઇલ